## (1) ડિજિટલ ચુકવણા સૂચકાંકના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) ડિજિટલ ચુકવણા સૂચકાંક રીઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે.

(2) તેમાં 5 પેરામિટરર્સ હોય છે. જે ડિજિટલ ચુકવણા અધ્યયન માટે સક્ષમ હોય છે.

(3) તેના 5 પેરામિટર્સમાં ચુકવણા ઈન્ફ્રાસ્ટ્રકચરની ટકાવારી 45% હોય છે.

(4) આ સૂચકાંક મુજબ UPI ચુકવણામાં 82%ની વૃદ્ધિ થઈ છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (3) (D) માત્ર (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ હાલમાં જ **RBI** દ્વારા ડિજિટલ ચુકવણા સૂચકાંક બહાર પાડવામાં આવ્યો છે. જેની અંદર 5 પેરામિટર્સનો સમાવેશ થાય છે. આ 5 પેરામિટર્સ ડિજિટલ ચુકવણાના ગહન અધ્યયન માટે સક્ષમ છે.

**5 પેરામિટર્સ**

⇛ ચુકવણા ઈનેબ્લર્સ (25%) : મોબાઈલ, ઈન્ટરનેટ, આધાર, બેંક ખાતાં, ભાગીદારો અને મર્ચન્ટસ્.

⇛ ચુકવણા ઈન્ફ્રાસ્ટ્રકચર–માંગ બાજુ (10%) : ડેબિટ, ક્રેડિટ કાર્ડ, પ્રિપેડ ચુકવણા માધ્યમો, ગ્રાહકોનું ઈન્ટરનેટ બેંકિંગ અને ફાસ્ટેગ.

⇛ ચુકવણા ઈન્ફ્રાસ્ટ્રકચર–પુરવઠા બાજુ (15%) : બેંક શાખાઓ બિઝનેસ કોરન્સપોન્ડસ, એટીએમ, Pos, QR કોડ, ઈન્ટરમિડિયેટર્સ.

⇛ ચુકવણા પ્રદર્શન (45%) : ડિજિટલ ચુકવણાં સિસ્ટમ–વોલ્યુમ ડિજિટલ ચુકવણા સિસ્ટમ–વેલ્યુ, યુનિક વપરાશકારો, પેપર કિલયરીંગ, ફરતુ નાણું, રોકડ ઉપાડ.

⇛ ગ્રાહક કેન્દ્રીત (5%) : જાગરૂકતા અને શિક્ષણ ઘટાડા, ફરિયાદો, ફ્રોડ, સિસ્ટમ ડાઉન ટાઈમ.

⇛ હાલમાં જ વિશ્વવ્યાપી ભારત ચુકવણા રીપોર્ટ અનુસાર UPI–યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસમાં 82%ની વૃદ્ધિ થઈ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'સત્યમેવ જયતે' કેરલ સરકારના નવા કાર્યક્રમના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) 'સત્યમેવ જયતે' કાર્યક્રમ 'ફેક ન્યુઝ'થી બચવા માટે મિડિયા સાક્ષરતા કાર્યક્રમ છે.
(2) તેના અંતર્ગત સ્કુલ અને કોલેજોની ડિજિટલ મિડિયા સાક્ષરતા પર ભાર આપવામાં આવશે.
(3) તેના અંતર્ગત ફેક ન્યુઝ સંબંધિત મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર ધ્યાન આપવામાં આવશે.
(4) આ કાર્યક્રમના સફળ કાર્યાન્વયન માટે સરકારે 200 કરોડ ફાળવ્યા છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) આપેલ તમામ
(C) માત્ર (3) અને (4)  (D) માત્ર (1) અને (2)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ ફેક ન્યુઝથી બચવા કેરલ સરકારે "સત્યમેવ જયતે" કાર્યક્રમની શરૂઆત કરી છે. જે ડિજિટલ મીડિયા સાક્ષરતાથી સંબંધિત છે.

⇛ આ કાર્યક્રમ હેઠળ સ્કુલો અને કોલેજોને માહિતગાર કરવામાં આવશે જેથી ડિજિટલ મીડિયા સાક્ષરતા પર પાઠ્યક્રમ વિકસિત કરવા માટે પ્રોત્સાહન આપી શકાય.

⇛ તેના અંતર્ગત ફેક ન્યુઝ સંબંધિત પાંચ મુદ્દાઓ કે પ્રશ્નો પર ધ્યાન આપવામાં આવશે.

1. ખોટી માહિતી શું છે ?
2. તે કેમ ઝડપી ફેલાઈ રહી છે ?
3. સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતા સમયે કઈ સાવધાનીઓ રાખવી જોશે ?
4. ફેક ન્યુઝ ફેલાવવાવાળા કઈ રીતે લાભ મેળવે છે ?
5. નાગરિકો દ્વારા કેવા પગલાં લેવા જોઈએ ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) હાલમાં બહાર પડેલી રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રૌદ્યોગિકી અને ઈનોવેશન નીતિ-2020ના સંદર્ભમાં યોગ્ય વિધાન પસંદ કરો.**

(1) નીતિ અંતર્ગત નિર્ણય લેતાં એકમોમાં ઓછામાં ઓછી 30% મહિલાઓનું પ્રતિનિધિત્વ રાખવું.

(2) તેમાં LGBTQ સમૂદાયને 'સ્પાઉસ બેનિફિટસ્' આપવાની વાત કરવામાં આવી છે.

(3) તેમાં બાળકો અને વૃદ્ધોની દેખભાળ માટે જોગવાઈ છે.

(4) તે ઓપન વિજ્ઞાન પોલિસીનું સમર્થન કરે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રોદ્યૌગિકી અને ઈનોવેશન નીતિ–2020 વિજ્ઞાન અને પ્રોદ્યૌગિકી વિભાગ દ્વારા બહાર પાડવામાં આવી. આ નીતિ 2013ની નીતિનું સ્થાન લેશે.

⇛ તેમાં લૈંગિક સમાનતા, બાળકો અને વૃદ્ધોની દેખભાળ, વિકલાંગો માટે જોગવાઈઓ કરાઈ છે.

⇛ ઓછામાં ઓછી 30% હિસ્સેદારી તેમજ LGBTQ+ ને સ્પાઉસ બેનિફિટસ્ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

⇛ બાળકો અને વૃદ્ધોની દેખભાળમાં માતૃત્વ, ડે–કેર રજાના પ્રસ્તાવ તથા વૃદ્ધો અને બાળકોના અધિકારો સંબંધિત જોગવાઈ કરાઈ છે.

⇛ આ નીતિમાં ઓપન સાયન્સ પોલિસી (વનનેશન, વન સબસ્ક્રીપ્શન) તમામને વૈજ્ઞાનિક જ્ઞાન અને ડેટા ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) આકાશીય વિજળી પર આવેલ રીપોર્ટના સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ રીપોર્ટ "ક્લાઈમેંટ રેઝિલિયેંટ ઓબ્ઝર્વિંગ સિસ્ટમ પ્રમોશન કાઉન્સિલ" (CROPC) દ્વારા બહાર પાડવામાં આવે છે.
(2) રિપોર્ટ અનુસાર કુલ પ્રાકૃતિક આપદા દ્વારા થયેલી મૃત્યુમાં 12% મૃત્યુ આકાશીય વિજળીના કારણે થઈ છે.
(3) તેણે ભલામણ કરી છે કે, રાજ્યોએ લાઈટનિંગ રેઝિલિયેંટ ઈન્ડિયા કેમ્પેનમાં ભાગ લેવો જોઈએ.
(4) આ કેમ્પેન CROPC અને વિશ્વબેંક દ્વારા શરૂ કરવામાં આવી છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ ક્લાઈમેટ રેઝિલિયેંટ ઓબ્ઝર્વિંગ સિસ્ટમ પ્રમોશન કાઉન્સિલ દ્વારા આકાશીય વીજળી પર રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. રીપોર્ટ અનુસાર વીજળી પડતાં થતાં મૃત્યુમાં 2019-20માં 37% ઘટાડો નોંધાયો છે.

⇛ CROPC એક NGO છે જે IMD (ભારતીય હવામાન વિભાગ) સાથે સમન્વિત રીતે કાર્ય કરે છે. હાલમાં જ CROPC અને IMDએ લાઈટનિંગ રેઝિલિયેંટ ઈન્ડિયા કેમ્પેન શરૂ કરી છે. તથા રાજ્યોને તેમાં જોડાવા ભલામણ કરી છે.

⇛ આ રિપોર્ટ અનુસાર 2019-20માં પ્રાકૃતિક આપદાઓથી થતાં કુલ મૃત્યુમાં 33% મોત આકાશીય વીજળી પડતાં થઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) બર્ડ ફ્લુના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) બર્ડફ્લુને એવિયેન ઈન્ફ્લુએન્ઝા પણ કહે છે.

(2) તેને ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવે છે. જેમાં A પ્રકાર પ્રાણીઓને અને B અને C મનુષ્યોને સંક્રમિત કરે છે.

(3) આ વાયરસમાં A-H5N1, A-H7N9 અને A-H9N2 એવિયન એંન્ફલુએંઝા હેઠળ આવે છે.

(4) તેમાં હેમગ્લગુટોનિન અને ન્યુરોમિનિડેસ જેવા પ્રોટિન હોય છે.

(A) આપેલ તમામ

(B) માત્ર (1), (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) માત્ર (2) અને (3)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ હાલમાં જ રાજસ્થાનમાં બર્ડ ફ્લુના કારણે ઘણાં બધાં કાગડાઓનું મૃત્યુ થયું છે.

⇒ બર્ડ ફ્લુને એવિયન એન્ફલુએંઝા પણ કહે છે. તે એક સંક્રમિત વાયરસ છે.

⇒ તેને ત્રણ પ્રકારો A, B અને C માં વહેંચવામાં આવે છે. જેમાં માત્ર A પ્રકાર જ પ્રાણીઓને જ્યારે B અને C પ્રકાર મનુષ્યોને સંક્રમિત કરે છે. A પણ મનુષ્યોને સંક્રમિત કરે છે. એવિયન એન્ફલુએંઝા વાયરસમાં A(H5N1), A (H7N9) A (H9N2)નો સમાવેશ થાય છે.

⇒ તેમાં હેમગ્લગુટોનિન અને ન્યુરોમિનિડેસ જેવા પ્રોટિનો હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT